#072

Maintenance કર્યું? 😃

મિત્રો, જેમ મશીનને સારી રીતે ચાલતું રાખવા માટે નિયમિત Maintenance જરૂરી હોય છે, તેમ આપણું મન પણ નિયમિત વિચારોથી મેન્ટેન થવું જોઈએ. ⚙

જો મશીનમાં ગંદકી ભરાઈ જાય તો તે જામ થઈ જાય છે.
એ જ રીતે મનમાં નેગેટિવ વિચારો, જેવાકે ચિંતા, ઈર્ષા અને ક્રોધ ભરાઈ જાય તો જીવનની ગતિ ધીમી પડી જાય છે.

સારા વિચારો મન માટે Oil અને Grease જેવું કામ કરે છે.
જ્યારે આપણે રોજ થોડો સમય સકારાત્મક વિચાર, પ્રેરણાદાયક વાંચન અને આત્મચિંતન માટે આપીએ છીએ, ત્યારે મન ફરીથી તાજું બની જાય છે.

મિત્રો યાદ રાખીએ:
સારા વિચારો = મજબૂત મન
મજબૂત મન = સારા નિર્ણય
સારા નિર્ણય = સફળ જીવન

આથી રોજ પોતાના મનને પૂછીએ:
“આજે મેં મારા મનનું મેન્ટેનેન્સ કર્યું છે કે નહીં?”

કારણ કે…
મશીન બંધ થાય તો કામ અટકે છે,
પણ મન નબળું પડે તો જીવન અટકી જાય છે. ✨